રાજભવન, ગાંધીનગર.
તા. ૦૮/૦૧/૨૦૧૫

## માઉન્ટ કારમેલના વિદ્યાર્થીઓની રાજયપાલશ્રી સાથે શુભેચ્છા મુલાકાત

---

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીની ઉપસ્થિતિમાં રાજભવન ખાતે માઉન્ટ કારમેલ સ્કૂલ, ગાંધીનગરના વિદ્યાર્થીઓએ નાતાલના પર્વની ઉજવણી નિમિત્તે ક્રિસમસ કેરોલ્સ તેમજ અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યા હતાં.

વિદ્યાર્થિઓ દ્વારા પૂછેલા પ્રશ્નોના રાજયપાલશ્રીએ રસપ્રદ પ્રત્યુત્તરો આપ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને ખંતપૂર્વક અભ્યાસ કરવા અને આપણી ભવ્ય સંસ્કૃતિ પરંપરાની જાણકારી પણ મેળવવા જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ભવિષ્યમાં આગળ વધવા માટે સ્વપ્ના જોવા જોઈએ અને તેમને પરિપૂર્ણ કરવા મકકમ પ્રયાસો કરવા જોઈએ, જેથી તેઓ રાષ્ટ્રની પ્રગતિમાં યોગદાન આપી શકે.

આ પ્રસંગે શાળાના આચાર્ય સિસ્ટર રેણુકા તથા શિક્ષકો પણ ઉપસ્થિત રહયા હતા.

---

પ્રેસ સચિવ